PRGI No. GUJGUJ/2008/26148

Volume : 18
Issue : 280
Dt.: 21-06-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa



# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

### મશાલ સરઘસ સાથે હિન્દુઓ રસ્તા પર

# બાંગ્લાદેશમાં ફરી ભયંકર આક્રોશ, ઢાકામાં ગુંજ્યા 'જય શ્રી રામ'ના નારા

## ઢાકામાં કથિત રીતે કટ્ટરપંથીઓ દ્વારા ભગવાન રામની તસવીરના અપમાનના વિરોધમાં મોટા પાયે પ્રદર્શનો શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશના પાટનગર ઢાકામાં કથિત રીતે કટ્ટરપંથીઓ દ્વારા ભગવાન રામની તસવીરના અપમાનના વિરોધમાં મોટા પાયે પ્રદર્શનો શરૂ થયા છે. આ ઘટનાને પગલે હજારો હિન્દુઓએ ગઈકાલે શુક્રવારે સાંજે ઢાકામાં મશાલ સરઘસ કાઢ્યું હતું અને જય શ્રી રામના નારા લગાવ્યા હતા. પ્રદર્શનકારીઓએ આ કૃત્ય પાછળ જવાબદાર લોકોની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે. હિન્દુ મહાજોત સહિતના સંગઠનો અને વિદ્યાર્થીઓ શાહબાગ વિસ્તારમાં એકઠા થયા હતા અને નેશનલ પ્રેસ ક્લબ સુધી કૂચ કરી હતી. આ સમગ્ર વિવાદ ઉત્તરી ગાયબાંધા જિલ્લાના પલાશબારીમાં ભગવાન રામની ૮૧ ફૂટ ઊંચી પ્રતિમાના નિર્માણને લઈને શરૂ થયો છે. શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર સમિતિ દ્વારા આ પ્રતિમા બનાવવામાં આવી રહી હતી, જેનું લગભગ ૮૦ ટકા કામ પૂરું થઈ ચૂક્યું છે. જો કે, કટ્ટરપંથી જૂથો તરફથી મળેલી કથિત ધમકીઓને કારણે હાલમાં આ કામ અટકાવી દેવામાં આવ્યું છે. આ ઘટનાએ મુસ્લિમ બહુમતી ધરાવતા દેશમાં લઘુમતીઓના અધિકારો અને સુરક્ષા અંગે ફરી ચિંતા ઊભી કરી છે. વિરોધ પ્રદર્શન કરી રહેલા હિન્દુ સંગઠનોએ પ્રશાસનની નિષ્ક્રિયતા સામે નારાજગી વ્યક્ત કરી છે. કથિત રીતે એક ઈસ્લામિક જૂથ દ્વારા ભગવાન રામની તસવીર પર જૂતું મૂકીને તેનું અપમાન કરવામાં આવ્યું હતું, જે અંગે કેસ નોંધાયા છતાં હજુ સુધી કોઈની ધરપકડ થઈ નથી. પ્રદર્શનકારીઓએ તારીક રહેમાનની આગેવાની હેઠળની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) સરકારને ગુનેગારોને પકડવા માટે ૭૨ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. જો આ માંગ પૂરી નહીં થાય, તો આગામી દિવસોમાં દેશવ્યાપી આંદોલન કરવાની ચેતવણી આપવામાં આવી છે. હિન્દુ મહાજોત સંગઠને આકરું વલણ અપનાવતા જાહેરાત કરી છે કે જો પલાશબારીમાં ભગવાન રામની પ્રતિમાનું કામ ફરી શરૂ કરવા દેવામાં નહીં આવે, તો તેઓ બાંગ્લાદેશના તમામ ૬૪ જિલ્લાઓમાં એક પછી એક રામ મંદિરનું નિર્માણ કરશે. આ ઉપરાંત, નેશનલ કમિટી ફોર પૂજા સેલિબ્રેશન્સ દ્વારા શનિવારે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરવામાં આવી છે અને ધાર્મિક બાબતોના મંત્રાલયને આ અંગે એક આવેદનપત્ર પણ સોંપવામાં આવશે. લગભગ ૨૨ કરોડ બાંગ્લાદેશી ટાકા (આશરે ૧૫.૬ કરોડ)ના ખર્ચે બની રહેલા આ મંદિર સંકુલમાં ભગવાન રામ ઉપરાંત શ્રીકૃષ્ણ અને ભગવાન શિવની પ્રતિમાઓ પણ બનાવવાની યોજના છે. મંદિર સમિતિના પ્રમુખ હરિદાસ ચંદ્ર દાસે જણાવ્યું કે, એક કટ્ટરપંથી પ્રવચનકારે પ્રતિમાને બુલડોઝરથી તોડી પાડવાની ધમકી આપી હતી, જેના કારણે તેઓ ભયભીત છે અને કામ રોકવું પડ્યું છે. કમિટીના સલાહકાર શ્યામલાલ કુમાર મહંતે સ્પષ્ટ કર્યું કે, કાયદો-વ્યવસ્થા અને સામાજિક સૌહાર્દ જાળવી રાખવા માટે તેમણે હાલ પૂરતું આ કામ સ્થગિત કર્યું છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ સૌથી મોટું ધાર્મિક લઘુમતી જૂથ છે, જે કુલ વસ્તીના અંદાજે ૮ ટકા છે. અગાઉની મોહમ્મદ યુનુસ સરકારના સમયથી જ હિન્દુઓ પરના હુમલાઓમાં વધારો જોવા મળ્યો છે. ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં સત્તા સંભાળ્યા બાદ વડાપ્રધાન તારીક રહેમાને દેશ બધાનો હોવાનો દાવો કર્યો હતો, પરંતુ સત્તાવાર આંકડા અનુસાર આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૧ માર્ચ વચ્ચે જ દેશમાં સાંપ્રદાયિક હિંસાની ૧૩૩ ઘટનાઓ નોંધાઈ ચૂકી છે.

### ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ભારતના PMના કર્યા વખાણ

# મોદી અને જિનપિંગ દુનિયાના બે સૌથી મહાન નેતાઓ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ખાસ ઈન્ટરવ્યૂમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા છે. ટ્રમ્પે પીએમ મોદીને દુનિયાના બે સૌથી મહાન નેતાઓમાંના એક ગણાવ્યા છે અને કહ્યું કે, પીએમ મોદી અને ચીનના વડાપ્રધાન શી જિનપિંગ બે એવા ગ્લોબલ લીડર્સ છે, જેમની કામ કરવાની શૈલીથી હું સૌથી વધુ પ્રભાવિત છું.

અમેરિકન પ્રમુખે વડાપ્રધાન મોદીના લાંબા શાસનકાળ અને તેમની અનોખી કાર્યશૈલીની પ્રશંસા કરવાની સાથે એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારતના આર્થિક વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં પીએમ મોદીની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની રહી છે.

ઈન્ટરવ્યૂ દરમિયાન જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને દુનિયાના બે મહાન નેતાઓના નામ આપવા માટે કહેવામાં આવ્યું, ત્યારે તેમણે શી જિનપિંગ અને પીએમ મોદીના નામ લીધા હતા. વડાપ્રધાન મોદી વિશે વાત કરતાં ટ્રમ્પે કહ્યું કે, નરેન્દ્ર મોદી ખૂબ જ ઉત્કૃષ્ટ નેતા છે. તેઓ યુદ્ધોથી દૂર રહે છે, જે અત્યંત સમજદારીભરી બાબત છે. તેઓ ૧.૫ અબજ (૧૫૦ કરોડ) લોકોની વસ્તી ધરાવતા દેશનું નેતૃત્વ કરે છે. વાસ્તવમાં ભારત દુનિયાનો સૌથી મોટો દેશ છે અને નરેન્દ્ર મોદી એક શાનદાર નેતા છે.

જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે તેઓ એક મહાન નેતાને કેવી રીતે વ્યાખ્યાયિત કરે છે, ત્યારે તેમણે પીએમ મોદીનું જ ઉદાહરણ આપ્યું હતું.

ટ્રમ્પે જણાવ્યું કે, મેં મારી આખી જિંદગીમાં ભારતનું રાજકારણ જોયું છે. ત્યાં સતત નેતૃત્વ બદલાતું રહેતું હતું. કોઈ છ મહિના માટે પ્રમુખ કે વડાપ્રધાન બનતું, તો કોઈ એક વર્ષ માટે આવતું. પરંતુ, અચાનક વડાપ્રધાન મોદી સત્તા પર આવ્યા. તેઓ ૧૨ વર્ષથી વધુ સમયથી ત્યાં મજબૂતીથી ટકેલા છે અને આ બધું ખૂબ જ શાંતિપૂર્વક કરી રહ્યા છે.

ટ્રમ્પે આ અંગે વાત કરતાં વધુમાં કહ્યું કે, પીએમ મોદીમાં શાંતિ અને રાજકીય મજબૂતીનું એક અનોખું મિશ્રણ જોવા મળે છે. મારો અંગત અનુભવ રહ્યો છે કે તેઓ ભલે બધું કામ ખૂબ શાંતિથી કરતા હોય, પરંતુ તેઓ શાંત સ્વભાવના વ્યક્તિ નથી. તેઓ ખૂબ જ કડક અને મજબૂત માણસ છે અને હું તેમને બહુ સારી રીતે ઓળખું છું.

જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે પીએમ મોદીની વાટાઘાટો કરવાની અને મધ્યસ્થી કરવાની ક્ષમતાના વખાણ કર્યા હતા. ટ્રમ્પે કહ્યું કે, અમે આ ટ્રેડ ડીલની ખૂબ નજીક છીએ. લાંબા સમયથી આ વિષય પર કામ ચાલી રહ્યું છે.

આ સાથે જ મિડલ ઈસ્ટમાં શાંતિ અને સ્થિરતા લાવવામાં ભારતની સંભવિત ભૂમિકા અંગે ટ્રમ્પે આશાવાદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, હા, હું ચોક્કસપણે માનું છું કે ભારત વૈશ્વિક સ્તરે દરેક બાબતમાં મોટી ભૂમિકા ભજવે છે અને જ્યાં સુધી પીએમ મોદી સત્તા પર છે, ત્યાં સુધી ભારત આ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતું રહેશે. ટ્રમ્પે પીએમ મોદી સાથેના પોતાના જૂના સંબંધોને યાદ કરતાં અંતમાં કહ્યું કે, તેઓ લાંબા સમયથી મારા સારા મિત્ર છે અને અમારા સંબંધો હંમેશાં સવર્શ્રેષ્ઠ રહ્યા છે.

### હેલીપેડ પાસે આગ લાગી

# અયોધ્યામાં સીએમ યોગી આદિત્યનાથની સુરક્ષામાં ચૂક



(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યામાં સીએમ યોગી આદિત્યનાથની સુરક્ષામાં ચૂકનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં અયોધ્યામાં રામ કથા પાર્ક ખાતેના હેલીપેડમાં આગ લાગી હતી. જેની બાદ સુરક્ષાને લઈને સવાલો ઉભા થયા છે. શુક્રવારે બપોરે ૨:૪૦ વાગ્યે, મુખ્યમંત્રીનું હેલિકોપ્ટર ચૌધરી ચરણ સિંહ ઘાટ નજીક હેલિપેડ પર સુરક્ષિત રીતે ઉતર્યું હતું. તેમજ તેઓ સરયુ ગેસ્ટ હાઉસ માટે રવાના થયા હતા. આ સમય દરમિયાન અચાનક હેલિપેડની આસપાસની સૂકી ઝાડીઓમાં આગ ફેલાઈ ગઈ હતી. આ અંગે પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, હેલિકોપ્ટરના ઉતરાણ પહેલાં ઉપયોગમાં લેવાતા ધુમાડાના સિગ્નલમાંથી નીકળતા તણખા ભારે પવનને કારણે આસપાસના સૂકા ઘાસ અને ઝાડીઓમાં ફેલાઈ ગયા હતા. જેના કારણે આગ વધુ તીવ્ર બની હતી. તેમજ હેલિપેડને અડીને આવેલા આશરે ૧૫ મીટરના વિસ્તારમાં આગ ફેલાઈ હતી. જેમાં પાણીનો ઉપયોગ કરીને આગ ઓલવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જયારે ફાયર વિભાગે ત્યારબાદ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી.ફાયર બ્રિગેડના અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓએ સંયુક્ત પ્રયાસ દ્વારા થોડા જ સમયમાં આગ પર કાબુ મેળવ્યો હતો. અયોધ્યાના સીઓ આશુતોષ તિવારીએ જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર હતી અને આગ ફેલાતા પહેલા જ તેને કાબુમાં લેવામાં આવી હતી. જોકે, મુખ્યમંત્રીના કાર્યક્રમ સ્થળ નજીક બનેલી આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

### ૧૩ વર્ષ બાદ રેલવેના નિયમ બદલાશે

# નવા નિયમ મુજબ ટિકિટ વિના પકડાયા તો ડબલ દંડ લાગશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નવા નિયમ અનુસાર, હવે ટિકિટ વિના મુસાફરી કરવા પર પહેલા કરતા ડબલ દંડ લાગશે. અત્યાર સુધી ટિકિટ વિના પકડાતા ૨૫૦ રૂપિયાનો દંડ લાગતો હતો, પણ ૧ જુલાઈથી તે વધીને ૫૦૦ રૂપિયા થઈ જશે.

જો કોઈ મુસાફર દંડ નહીં ભરે તો આ મામલો કોર્ટમાં પણ મોકલવામાં આવશે, જ્યાં દંડની સાથે જેલની સજા પણ થઈ શકે છે. નવા નિયમ અનુસાર, હવે ટિકિટ વિના મુસાફરી કરવા પર પહેલા કરતા ડબલ દંડ લાગશે. અત્યાર સુધી ટિકિટ વિના પકડાતા ૨૫૦ રૂપિયાનો દંડ લાગતો હતો, પણ ૧ જુલાઈથી તે વધીને ૫૦૦ રૂપિયા થઈ જશે. જો કોઈ મુસાફર દંડ નહીં ભરે તો આ મામલો કોર્ટમાં પણ મોકલવામાં આવશે, જ્યાં દંડની સાથે જેલની સજા પણ થઈ શકે છે. રેલવેએ એ સ્પષ્ટ કરી દીધું છે કે જો કોઈ વ્યક્તિ કોઈ અન્યના

**અત્યાર સુધી ટિકિટ વિના પકડાતા ૨૫૦ રૂપિયાનો દંડ લાગતો હતો, પણ ૧ જુલાઈથી તે વધીને ૫૦૦ રૂપિયા થશે**

નામ પર બુક કરેલી ટિકિટ પર મુસાફરી કરે છે અને પકડાઈ જાય છે તો તેની ટિકિટ કેન્સલ કરી દેવામાં આવશે.

આ કિસ્સામાં આખું ભાડું વસૂલવામાં આવશે અને ૫૦૦ રૂપિયા સુધીનો વધારાનો દંડ પણ વસૂલવામાં આવશે. મહિલાઓ માટે Reserved coachમાં પરવાનગી વિના પ્રવેશ કરવા પર કડક કાર્યવાહી થશે.

આવા કિસ્સામાં ૨૫૦૦ રૂપિયા સુધીનો દંડ લગાવવામાં આવશે. આ ઉપરાંત સ્ટેશન અથવા ટ્રેનમાં illegally એન્ટ્રી કરવા પર ૫૦૦ રૂપિયાનો દંડ નક્કી કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રેલવે પરિસર અને ટ્રેનમાં નશાની હાલતમાં હોબાળો કરવા પર, મુસાફરોને પરેશાન કરવા અને ગેરવર્તન કરવા બદલ યાત્રીઓને ટ્રેનમાંથી ઉતારી શકે છે અને ૨૪ કલાકની જેલ અને ૧૦૦૦ રૂપિયા સુધીનો દંડ પણ લગાવી શકે છે. વળી અશ્લીલ હરકત અથવા મુસાફરોને હેરાન કરવા પર ૬ મહિનાની જેલ અથવા દંડ બંને જોગવાઈ છે.

ચાલો તમને જણાવી દઈએ કે જનરલ ટિકિટ સાથે મુસાફરી કરનારાઓને વીમાનો લાભ મળતો નથી. જો કે, અકસ્માતના કિસ્સામાં, રેલવે રેલવે એક્ટ ૧૯૮૯ હેઠળ વળતર આપે છે. આ ઉપરાંત રેલવેએ પ્રતિબંધિત સામાન લઈને મુસાફરી કરવા પર કડક ચેતવણી આપી છે. આવા કિસ્સામાં ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા સામાનની જપ્તી અને નુકસાનની ભરપાઈ કરવી પડી શકે છે. લાઈસન્સ વિના સ્ટેશન પરિસરમાં ફેરી લગાવવી અથવા ભીખ માગવા પર પણ ૨૦૦૦ રૂપિયા સુધીનો દંડ લાગી શકે છે.

# ઈઝરાયલ નહીં સુધરે! : સીઝફાયર કર્યાના કલાકોમાં જ દક્ષિણ લેબેનોનમાં મોટો હુમલો, ૫ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)લેબેનોન

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે સરહદ પાર ચાલી રહેલી ભીષણ લડાઈને રોકવા માટે થયેલી સીઝફાયર સમજૂતીને હજુ થોડા જ કલાકો વીત્યા હતા ત્યાં જ શાંતિના પ્રયાસોને મોટો ઝટકો લાગ્યો છે. દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલી સેનાએ શુક્રવાર રાતથી ફરી એકવાર જોરદાર હવાઈ અને ડ્રોન હુમલા શરૂ કરી દીધા છે. આ તાજા હુમલાઓમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયાના અહેવાલ છે, જેના કારણે બંને પક્ષો વચ્ચે થયેલી ઐતિહાસિક શાંતિ સમજૂતી હવે જોખમમાં મૂકાઈ ગઈ છે. લેબેનોનની નેશનલ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, ઈઝરાયલી યુદ્ધજહાજો, વિમાનો અને ડ્રોન્સે દક્ષિણ લેબેનોનના નબાતીયેહ(Nabatieh) ક્ષેત્રમાં રાતભર ભીષણ હુમલા કર્યા હતા. આ હવાઈ હુમલાઓમાં અનેક રહેણાંક ઈમારતો અને સામાન્ય નાગરિકોના ઘરો સંપૂર્ણપણે તબાહ થઈ ગયા છે. એટલું જ નહીં, વહેલી સવારે સૂર્યોદય પહેલા નબાતીયેહ અને તેની આસપાસના વિસ્તારોને નિશાન બનાવીને ભારે તોપખાના (આર્ટિલરી)થી પણ ગોળાબારૂદ ફેંકવામાં આવ્યો હતો. તાજેતરના દિવસોમાં ઈઝરાયલ અને ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ જૂથ વચ્ચેના હુમલા ખૂબ વધી ગયા હતા, જેનાથી પ્રદેશમાં એક મોટા સર્વગ્રાહી યુદ્ધનો ખતરો પેદા થયો હતો. આ ખતરાને ટાળવા માટે અમેરિકા અને કતારે મુખ્ય ભૂમિકા ભજવીને આ શાંતિ સમજૂતી કરાવી હતી, જેને ઈરાનનું પણ સમર્થન પ્રાપ્ત હતું. એક વરિષ્ઠ અમેરિકન અધિકારીના જણાવ્યા અનુસાર, આ સીઝફાયર સ્થાનિક સમય મુજબ શુક્રવારે સાંજે આશરે ૪:૦૦ વાગ્યે લાગુ કરવામાં આવ્યું હતું. ઈઝરાયલી અધિકારીઓ અને હિઝબુલ્લાહના સૂત્રોએ પણ આ સમજૂતીની પુષ્ટિ કરી હતી. જોકે, શરૂઆતથી જ આ સીઝફાયર અત્યંત નબળું સાબિત થઈ રહ્યું છે. આ શાંતિ સમજૂતી બંને પક્ષો વચ્ચે અત્યાર સુધીના સૌથી ઘાતક સંઘર્ષ બાદ થઈ હતી, જેમાં તાજેતરમાં લેબેનોનમાં આશરે ૪૦ લોકો માર્યા ગયા હતા, જ્યારે હિઝબુલ્લાહના હુમલામાં ચાર ઈઝરાયલી સૈનિકોના મોત થયા હતા. સમજૂતી લાગુ થયા બાદ પણ ઈઝરાયલી હુમલા ચાલુ રહેવા અંગે સેનાના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ એફી ડેફ્રિને જણાવ્યું હતું કે, તેમની સેના કોઈપણ પ્રકારના જોખમો અને આતંકી ગતિવિધિઓનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે બ્યુફોર્ટ કેસલ અને અલી તાહેર રિજ જેવા વિસ્તારોમાં ઈઝરાયલી ઓપરેશન ચાલુ રાખવું પડ્યું કારણ કે હિઝબુલ્લાહ સંઘર્ષ વિરામના નિયમોનું ઉલ્લંઘન કરીને પોતાના સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. બીજી તરફ લેબેનોનના સુરક્ષા સૂત્રોનું કહેવું છે કે સમજૂતીના પ્રારંભિક કલાકોથી જ ઈઝરાયલે વગર કારણે ઉશ્કેરણીજનક હુમલા ચાલુ રાખ્યા છે.

## પાકિસ્તાનમાં બેક-ટુ-બેક આતંકી હુમલાઃ રિમોટ કંટ્રોલ બ્લાસ્ટથી વાહનોના ફુરચા ઉડ્યા, ૭ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા (KP) પ્રાંતના બન્નુ જિલ્લામાં આતંકવાદીઓએ એક પછી એક બે રિમોટ-કંટ્રોલ બ્લાસ્ટ કરીને ભયાનક આતંકી હુમલાને અંજામ આપ્યો છે. આ બેક-ટુ-બેક વિસ્ફોટોમાં વાહનોના ફુરચા ઉડી ગયા હતા, જેમાં ૭ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે જ્યારે ૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિક પોલીસે આ હુમલાને કાયરતાપૂર્ણ આતંકી કૃત્ય ગણાવ્યું છે.

બન્નુના વજીર સબ-ડિવિઝન હેઠળ આવતા અર્ધ-જનજાતીય અને પહાડી વિસ્તાર મરકા બેરા ના ફાંગ મૂસા ખેલ નામના ગામમાં આ હૃદયદ્રાવક ઘટના ઘટી છે. બન્નુના ડિસ્ટ્રિક્ટ પોલીસ ઓફિસર (DPO) યાસિર અફરીદીએ વિસ્ફોટોની પુષ્ટિ કરી છે. અહેવાલો અનુસાર, પ્રથમ બ્લાસ્ટ ત્યારે થયો જ્યારે ડેટસન કંપનીનું એક ખાનગી વાહન મુસાફરોને લઈને ડોમેલ તરફ જઈ રહ્યું હતું. આ જોરદાર વિસ્ફોટમાં વાહન સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયું હતું અને ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, પ્રથમ બ્લાસ્ટના ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા હતા, ત્યારે જ ઘટનાસ્થળથી માત્ર એક કિલોમીટર દૂર આતંકીઓએ બીજો રિમોટ કંટ્રોલ બ્લાસ્ટ કર્યો હતો. આ બીજા વિસ્ફોટમાં અન્ય એક વાહનના ફુરચા ઉડી ગયા હતા અને વધુ ૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યુ ૧૧૨૨ ની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી હતી અને તમામ મૃતદેહો તથા ઘાયલોને ડોમેલ રૂરલ હેલ્થ સેન્ટર અને ખલીફા ગુલ નવાઝ ટીચિંગ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરીને આઈઈડી (IED) સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.



# તંત્રી લેખ......

## ત્રણ ભાષાનું સૂત્ર વિદ્યાર્થીઓના હિતમાં છે

ભાષા ફક્ત સંદેશાવ્યવહારનું માધ્યમ નથી; તેમાં સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર પણ છે. ખાસ કરીને જ્યારે ભાષાનો દ્રષ્ટિકોણ શિક્ષણના સંદર્ભમાં હોય, ત્યારે ભાષા તેના સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રથી આગળ નીકળી જાય છે અને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા સાથે જોડાયેલી બને છે. દેશભરની ઝમ્જીઈ શાળાઓમાં ત્રણ ભાષાનું સૂત્ર લાગુ કરવાની યોજનાની તાજેતરની જાહેરાતને આ સંદર્ભમાં જોવી જોઈએ. આ મુદ્દાએ દેશવ્યાપી વિવાદ જગાવ્યો છે તે અલગ વાત છે. સુપ્રીમ કોર્ટે સરકારના નિર્ણય પર સ્ટે આપ્યો નથી તે સંતોષકારક છે.

ભારતના અગ્રણી શાળા શિક્ષણ બોર્ડ, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનએ તાજેતરમાં ૨૦૨૬-૨૦૨૭ શૈક્ષણિક સત્રથી શરૂ કરીને ધોરણ ૬ અને ૯ થી ત્રણ ભાષાના સૂત્રને લાગુ કરવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ત્રણ ભાષાના સૂત્રની ભલામણ કરવામાં આવી છે. આ મુજબ, શાળા સ્તરે ત્રણ ભાષાઓ શીખવવામાં આવશે, જેમાં ઓછામાં ઓછી બે ભારતીય ભાષાઓનો સમાવેશ થાય છે. અગાઉ, એનઈપી ૧૯૬૮ અને એનઈપી ૧૯૮૬ માં ત્રણ ભાષાના સૂત્રને થોડા અલગ સ્વરૂપોમાં અપનાવવામાં આવ્યું હતું. થોડા રાજ્યો સિવાય, બધા રાજ્યોએ ત્રણ ભાષાના સૂત્રને લાગુ કર્યું હતું, પરંતુ કમનસીબે, CBSE એ તેને ફક્ત આંશિક રીતે સ્વીકાર્યું હતું.

સીબીએસઈ શાળાઓમાં ધોરણ ૬ થી ૮ સુધી ત્રણ ભાષાના સૂત્રનો અમલ કરવામાં આવ્યો હતો, પરંતુ વિદેશી ભાષાઓને પણ ત્રીજી ભાષા તરીકે મંજૂરી આપવામાં આવી હતી. જો કે, ધોરણ ૯ અને ૧૦ માં, સીબીએસઈ એ ફક્ત બે ભાષાની નીતિ અપનાવી હતી. તેમાં પણ, જો શાળા ઈચ્છે તો બંને ભાષાઓ બિન-ભારતીય હોઈ શકે છે. તેની પ્રતિકૂળ અસર એ થઈ કે મોંઘી જાહેર શાળાઓમાં ભારતીય ભાષાઓની અવગણના થવા લાગી. આ સીબીએસઈ નીતિઓએ ઘણી વિસંગતતાઓ ઉભી કરી. સીબીએસઈ અને રાજ્ય બોર્ડના વિદ્યાર્થીઓ વચ્ચે ભાષા શિક્ષણમાં અસંતુલન વિકસી ગયું હતું. વર્તમાન યોજનાનો હેતુ દેશભરમાં શાળા શિક્ષણમાં સમાનતા અને ભાષાકીય એકરૂપતા સ્થાપિત કરવાનો છે. બીજું, નવમા અને દસમા ધોરણમાં બાળકોને વિદેશી ભાષાઓ સુધી મર્યાદિત રાખવાથી, જ્યારે તેમના વ્યક્તિત્વ આકાર લેવાનું શરૂ થાય છે, ત્યારે તેઓ તેમની ભારતીય સંસ્કૃતિથી દૂર થઈ જાય છે. ભાષા સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોને પણ પ્રેરણા આપે છે. આજે, બલિદાન, સેવા, સહિષ્ણુતા, સામૂહિકતા, કૌટુંબિક ભાવના અને વડીલો પ્રત્યે આદર જેવા ભારતીય મૂલ્યો બાળકોમાં અદૃશ્ય થઈ રહ્યા છે.એનઈપી ૨૦૨૦ નું ત્રણ-ભાષા સૂત્ર આ ઘટતા જતા ભારતીય સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોને સાચવશે. સીબીએસઈ વિદ્યાર્થીઓને બહુભાષીતાની શક્તિનો પણ લાભ મળશે. મનોભાષાકીય સંશોધન દર્શાવે છે કે બાળકોમાં બહુવિધ ભાષાઓ શીખવાની જન્મજાત અને અમર્યાદિત ક્ષમતા હોય છે.

બહુવિધ ભારતીય ભાષાઓનું જ્ઞાન ભારતીય ભૂગોળ અને સંસ્કૃતિની બાળકોની સમજને સમૃદ્ધ બનાવશે. આનાથી રાષ્ટ્રીય એકતાની ભાવના મજબૂત થશે અને વિભાજનકારી ભાષાકીય રાજકારણ નબળું પડશે. ભાષાનું પણ એક અર્થશાસ્ત્ર છે. ભારતીય ભાષાઓના અભ્યાસ અને શિક્ષણથી પ્રકાશન ઉદ્યોગ અને તેમની સાથે સંકળાયેલ રોજગારની તકો વધશે. વધુમાં, તે દેશભરમાં રોજગાર, વ્યવસાય, શિક્ષણ અને પર્યટનને સરળ બનાવશે. વિરોધીઓ દ્વારા ફેલાવવામાં આવતી માહિતી પાયાવિહોણી અને ભ્રામક છે. વિરોધનું એક કારણ અંગ્રેજી-શિક્ષિત ભદ્ર વર્ગની વસાહતી યુગની "મકાઉલે માનસિકતા" છે. એક અભ્યાસ મુજબ, શહેરી વિદ્યાર્થીઓમાંથી માત્ર એક ટકા વિદ્યાર્થીઓ ત્રીજી ભાષા તરીકે વિદેશી ભાષાઓનો અભ્યાસ કરી રહ્યા છે. આ ભદ્ર માતાપિતા દ્વારા ભારતીય ભાષાઓના ફરજિયાત અભ્યાસનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ લોકો ભાષા શિક્ષકોની અછત, પાઠ્યપુસ્તકોનો અભાવ, વિદ્યાર્થીઓ પર વધારાનો બોજ અને તણાવ અને પહેલાથી જ વિદેશી ભાષાઓનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને થતી અસુવિધાને ટાંકીને નવી માર્ગદર્શિકાનો વિરોધ કરી રહ્યા છે.

### આદિપુરમાં તંત્રનું બુલડોઝર એક્શન

## શિણાઈ કેનાલ પાસે સરકારી જમીન પરના ૨૦ દબાણો તોડી પડાયા

### કેનાલની સલામતી અને સરકારી જમીનના રક્ષણ માટે આખરે મહેસૂલ વિભાગ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીધામ

ગાંધીધામ અને આદિપુર વિસ્તારમાં સરકારી જમીનો પર થતા ગેરકાયદેસર કબ્જા અને દબાણો સામે વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે.

લાંબા સમયથી આદિપુરના શિણાઈ કેનાલની આસપાસ તેમજ સિનોઈના મદીના નગર પાછળ આવેલી સરકારી કિંમતી જમીન પર કેટલાક તત્વો દ્વારા કાચા અને પાકા મકાનો તેમજ વ્યાપારી હેતુ માટેના દબાણો ખડકી દેવામાં આવ્યા હોવાની ફરિયાદો ઉઠી રહી હતી.

કેનાલની સલામતી અને સરકારી જમીનના રક્ષણ માટે આખરે મહેસૂલ વિભાગ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે.આ દબાણો દૂર કરવા માટે સ્થાનિક મામલતદાર કચેરી દ્વારા અગાઉ જ તમામ દબાણકર્તાઓને કાયદેસરની નોટિસો પાઠવીને પોતાની મેળે જગ્યા ખાલી કરી દેવા માટે અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું.

નોટિસની મુદત પૂર્ણ થવા છતાં પણ દબાણો યથાવત રહેતા, આજે વહીવટી તંત્રના અધિકારીઓ જેસીબી અને બુલડોઝરના કાફલા સાથે ત્રાટક્યા હતા. તંત્રએ કોઈપણ વિલંબ વિના કેનાલ કાંઠે ઊભા કરી દેવાયેલા ૨૦ જેટલા રહેણાંક અને અન્ય કાચા-પાકા બાંધકામોને જમીનદોસ્ત કરી નાખ્યા હતા અને સરકારી જમીન પર પોતાનો કબ્જો પુનઃ સ્થાપિત કર્યો હતો.કેનાલ અને મદીના નગર જેવા સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં સ્થાનિક સ્તરે વિરોધ પ્રદર્શન કે ઘર્ષણ થવાની સંભાવનાને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા પૂર્વ તૈયારી રૂપે પોલીસ પ્રોટેક્શનની માંગણી કરવામાં આવી હતી.

ડિમોલિશનના સ્થળે કોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે એસપી કચેરીના આદેશથી તૈનાત કરાયેલા ૬૮ થી વધુ ઉચ્ચ પોલીસ અધિકારીઓ, મહિલા પોલીસ અને પોલીસ જવાનોનો કડક સુરક્ષા ઘેરો ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલીસના ચુસ્ત બંદોબસ્તના પગલે કોઈ મોટો વિરોધ થઈ શક્યો ન હતો અને તંત્રએ શાંતિપૂર્ણ રીતે તમામ ૨૦ દબાણો હટાવીને કેનાલ વિસ્તારને સંપૂર્ણપણે ખુલ્લો અને લાઈન-ક્લિયર કરી દીધો છે.

### નાસિર નગરના રહીશો જાયે તો જાયે કહાં?

# એક બાજુ દાદાગીરીથી ઘર તોડાય છે, જ્યારે બીજી બાજુ ધાક-ધમકીથી બે થી ત્રણ લાખ રૂપિયા લઈ લેવા દાદાગીરી કરાય છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ, પોલીસ અને બિલ્ડરોની અદ્રશ્ય સાંઠગાંઠ થી સુરતના વેડ દરવાજા ખાતે આવેલા નાસિર નગરમાં તારીખ ૩૦ મે ના રોજ થયેલા રહસ્યમય ડિમોલિશનને આજે પુરા ૨૦ દિવસ થયા છતાં કોઈ નક્કર કારણ,તારણ કરી જવાબદારો ઉપર આજદિન સુધી પગલાં ભરવામાં આવ્યા નથી. એનાથી અસરગ્રસ્તોમાં ભારે આક્રોશ ફેલાયો છે. ત્યારે બીજી બાજુ સત્તાધારી પક્ષ ભાજપના કાર્યકરો સાથે મળીને બિલ્ડરના માણસો રૂપિયા બે થી ત્રણ લાખમાં પતાવટ કરીને કાગળો ઉપર સહી સિક્કા કરાવવા રીતસર ધાકધમકી આપી ધમપછાડા કરી રહ્યા હોવાનું બહાર આવતા આખા ખેલમા અસરગ્રસ્તોને પડતા પર પાટુ મારવા જેવો ઘાટ થઈ રહ્યો છે.

જ્યારે ચોમાસાની શરૂઆતમાં જ ઘર વિહોણા બનેલા આ અસરગ્રસ્તોની મજબૂરીનો ફાયદો ઉઠાવીને બિલ્ડર લોબી અને કેટલાક સ્થાપિત હિતો આ સમગ્ર કૌભાંડ પર પડદો પાડવા માટે સક્રિય બન્યા છે. અને ગરીબ પરિવારોને ધાક-ધમકી આપીને એક વિવાદાસ્પદ "બાંહેધરી પત્ર" પર સહીઓ અને અંગુઠા કરાવવામાં આવતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આવા આક્ષેપો મુજબ આ વિસ્તારમાં સક્રિય અને સતત વિવાદોમાં રહેતા ભાજપના લઘુમતી મોરચાના એક સ્થાનિક નેતાના ખાસ માણસો હાલમાં મેદાનના ઉતર્યા છે.

આ બંને શખ્સો ધ્વારા બિલ્ડર વતી વચેટિયાની ભૂમિકા ભજવી રહ્યા છે અને અસરગ્રસ્ત ગરીબ પરિવારો પર રાત્રિના સમયે અથવા એકલતાનો લાભ લઈને લોકોને ધમકાવી રહ્યા છે કે જો તેઓ આપેલા કાગળો પર સહી સિક્કા કે અંગૂઠા નહીં કરે તો તેમને ભવિષ્યમાં એક રૂપિયો પણ નહીં મળે કે રહેવા માટે આવાસ પણ ફાળવવામાં આવશે નહીં. આવી ખુલ્લી ધમકી આપી સતત માનસિક દબાણ કરવાને કારણે ગભરાયેલા કેટલાક પરિવારોએ મજબૂરીવશ સહીઓ કરી દીધી હોવાની પણ આશંકા સેવાઈ રહી છે.

જ્યારે જે બાંહેધરી પત્ર (અંડરટેકિંગ) વાયરલ થઈ રહ્યો છે તેમાં લખાયેલી વિગતો વાંચીને કાનૂની નિષ્ણાંતો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. કારણ એમાં લખાયેલું છે "હમો સુરત મહાનગરપાલિકાના ૪૦ ફૂટના ટી.પી રોડ નાસીર નગર ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીની જગ્યા પર ગેરકાયદેસર દબાણ કરીને વસવાટ કરતા હતા. આ જગ્યા અમારી માલિકીની ન હોવાથી અમો રાજીખુશીથી અને સ્વેચ્છાએ આ બાંધકામ કે દબાણ દૂર કરીને જગ્યા મહાનગરપાલિકાને સોંપી દીધી છે."

આ રીતે આ પત્ર જે વાસ્તવિકતાથી તદન વિપરીત છે, કારણ કે લોકોના ઘર જબરદસ્તીથી તોડી પડાયા હતા (જેનો વિડીયો પણ છે) જ્યારે કાગળ પર તેને "સ્વૈચ્છીક ખાલી કરાયેલું દર્શાવવાનો ભયાનક કારસો ઘડાયો છે. આ રીતે પીડીતોના તમામ કાયદાકીય અધિકારો છીનવી લેવાની સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

અને સાથે એમ પણ લખાવાયું છે કે આ જગ્યા ખાલી કરવામાં અમારા પર કોઈ પણ ઈસમો કે તંત્ર તરફથી કોઈ દાબ-દબાણ કરવામાં આવ્યું નથી. અને અમે કે અમારા વાલી-વારસો ભવિષ્યમાં આ બાબતે કાયદાકીય ફરિયાદ કે કોર્ટ કચેરી કરીશું નહીં અને કરીશું તો આ બાંહેધરી પત્રથી તે આપો આપ રદબાતલ ગણાશે.

આમ બિલ્ડરની સાથે જોડાયેલા પોતાની જાતને કાયદાના સંકજામાંથી બચાવવા માટે પીડિતો પાસે જ કાયદાકીય હથિયાર તૈયાર કરાવી અસરગ્રસ્તોના જ ગળામાં ગાળીયો નાંખીને પોતાનો ખેલ પૂરો કરવાની વેતરણમાં છે ત્યારે જોવાનું એ છે કે ગરીબોનો બેલી કોણ થાય છે?

### ભાજપની પ્રેસ કોન્ફરન્સમાં નેતાઓએ મૌન ધારણ કરતા મીડીયામાં બન્યો ચર્ચાનો વિષય

# નાસીરનગર ડીમોલેશન કાંડઃ ભાજપની પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારો દ્વારા પુછાતા સવાલોના જવાબ નેતાઓએ ગોળગોળ આપ્યા








પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરત શહેરના રાજકારણમાં હાલમાં નાસીરનગર ડીમોલેશન કાંડ એક ગરમ વિષય બન્યો છે. આ કથિત નકલી કે ગેરકાયદેસર ડીમોલેશનના મામલે લોકોમાં ભારે રોષ છે, આ મુદ્દે સ્પષ્ટતા મેળવવા માટે જયારે ભાજપની એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. ત્યારે જે દ્રશ્યો જોવા મળ્યા તે લોકશાહીમાં ઉત્તરદાયીત્વના અભાવને દર્શાવે છે.

પ્રશ્નો પુછાતા જ નેતાઓની ભાગદોડ અને તેમના ગોળ ગોળ જવાબોએ આ આખા પ્રકરણને વધુ શંકાસ્પદ બનાવી દીધુ છે. શહેર ભાજપ દ્વારા આયોજીત આ પ્રેસ કોન્ફરન્સમાં મીડીયાના મિત્રોએ ખુબ જ સચોટ અને મુદ્દાસર સવાલો પુછયા હતા. નાસીરનગરના ડીમોલેશન કાંડ અંગે જયારે નાણાંમંત્રી કનુ દેસાઈ અને અન્ય વરીષ્ઠ ભાજપ નેતાઓને પ્રશ્નો પુછવામાં આવ્યા ત્યારે સભાખંડમાં અજીબ સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. મીડીયાનો મુખ્ય સવાલ એ હતો કે જો ડીમોલેશન કાયદેસર હતુ, તો તેના પુરાવા કયાં છે ? અને જો તે નકલી કે પૂર્વ નિયોજીત હતુ તો જવાબદારી કોની ? આ પ્રશ્નોના જવાબ આપવાને બદલે ભાજપના નેતાઓ અસ્વસ્થ જણાયા હતા. કેટલાક નેતાઓ તો પ્રશ્ન પુછાતાની સાથે જ સભા છોડીને ચાલતી પકડતા જોવા મળ્યા હતા. જે તેમના પર લાગેલા આક્ષેપોની ગંભીરતાને વધુ સ્પષ્ટ કરે છે. નાણાંમંત્રી કનુ દેસાઈએ જયારે માઈક સંભાળ્યુ, ત્યારે લોકો અને પત્રકારોને આશા હતી કે તેઓ કોઈ નકકર જવાબ આપશે, પરંતુ તેમણે આ મામલે ખુબ જ ટુંકો અને સાવચેતીભર્યો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે આ કેસ અત્યારે કોર્ટ મેટર છે, તેથી અમે આ બાબતે કોઈપણ વૈજ્ઞાનિક કે સ્પષ્ટ જવાબ આપી શકીએ નહી,

આ જવાબ રાજકીય નિવેદનોમાં સામાન્ય છે, પરંતુ નાસીરનગરના પીડીતો માટે તે અપુરતો છે, જયારે કોઈ મોટી ઘટના બને અને તેમાં ભ્રષ્ટાચારના આક્ષેપો હોય, ત્યારે માત્ર કોર્ટ મેટર કહીને જવાબદારીમાંથી છટકી જવુ એ જનતાના વિશ્વાસને તોડે છે. શું તંત્ર પાસે એટલી પણ ક્ષમતા નથી કે તેઓ આંતરીક તપાસ કરી સત્ય બહાર લાવી શકે ? નાસીરનગર ડીમોલેશન સિવાય, પત્રકારોએ સુરતમાં ચાલતા અન્ય એક વિવાદાસ્પદ મુદ્દા એટલે કે કચરા કૌભાંડ વિશે પણ સવાલો પુછયા હતા. આ મામલે કનુ દેસાઈએ વચન આપ્યુ હતુ કે કચરા કૌભાંડ મુદ્દે તપાસ ચાલી રહી છે અને તપાસના અંતે કોઈપણ દોષિતને છોડવામાં આવશે નહી. આ પ્રકારના નિવેદનો વારંવાર સાંભળવા મળે છે, પરંતુ સવાલ એ થાય છે કે આ તપાસ કયારે પુરી થશે ? શું તપાસના અંતે ખરેખર મોટા માથાઓ સામે પગલા લેવાશે કે પછી કોઈ નાની માછલીઓને ફસાવીને આખા પ્રકરણ પર પડદો પાડી દેવામાં આવશે ? સુરતની જનતા હવે આ પ્રકારના પોલા વચનોથી કંટાળી ગઈ છે. ભ્રષ્ટાચારના આક્ષેપોમાં જયારે કોઈ નકકર પુરાવા સાથે જવાબ નથી મળતો ત્યારે લોકોમાં શંકાનુ વાતાવરણ વધુ ઘેરૂ બને છે.

એક જવાબદાર પક્ષ તરીકે, ભાજપે આ પ્રકારના ગંભીર આક્ષેપો પર પારદર્શીતા રાખવી જોઈએ, જયારે પત્રકારો પ્રશ્નો પુછે છે, ત્યારે તેઓ માત્ર પોતાના માટે નહી પરંતુ શહેરના નાગરીકો માટે જવાબ માંગતા હોય છે. આ રીતે નેતાઓનુ મૌન ધારણ કરવુ કે પ્રશ્નોના જવાબ આપ્યા વગર સભા છોડી દેવી એ એક પ્રકારની ભાગેડુ નીતી જેવુ લાગે છે. નાસીરનગરના લોકોએ પોતાના આશીયાના ગુમાવ્યા છે અને જો તે ડીમોલેશનમાં કોઈ કૌભાંડ થયુ હોય તો તે અત્યંત નિંદનીય છે, સત્તાધારી ભાજપ પક્ષે આ મામલે નૈતિક જવાબદારી સ્વીકારવી જોઈએ અને સત્ય શું છે તે સ્પષ્ટ કરવુ જોઈએ. માત્ર કોર્ટ મેટર કહી દેવાથી સત્ય દબાઈ જતુ નથી, પરંતુ સમાજમાં અવિશ્વાસની ખાઈ ઉંડી થાય છે.

# કચ્છમાં ભાજપના યુવા નેતા સામે મહિલાની ગંભીર ફરીયાદ : અશ્લીલ મેસેજ કર્યા હોવાનો આક્ષેપ લાગ્યો

### યુવા નેતાનો પક્ષ દ્વારા સ્પષ્ટીકરણ હજુ સુધી સામે આવ્યુ નથી : અન્ય મહિલાઓને પણ ભાજપ નેતાએ કર્યા મેસેજ

પ્રતિનિધિ,ગાંધીનગર

કચ્છમાં ભાજપના યુવા નેતા સામે મહિલાઓએ ગંભીર ફરીયાદ કરી છે અને સમગ્ર મામલો કચ્છના કમલમ સુધી અને પોલીસ મથક સુધી પહોચ્યો છે. મહિલાઓનો આક્ષેપ છે કે ભાગવત સપ્તાહ દરમિયાન અનેક વખત અશ્લીલ ભાજપ નેતાએ મેસેજ કર્યા હતા અને પક્ષના હોદ્દેદારો સમક્ષ આ યુવા નેતા સામે કાર્યવાહીની માંગ ઉઠી છે. હાલમાં તો ઘણી બધી મહિલાઓ ભેગી થઈ હતી અને કચ્છ કમલમમાં રજુઆત કરી હતી, રજુઆત બાદ પક્ષ શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે. તો આ સમગ્ર ઘટનામાં જે બહેન દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે તેમના આક્ષેપની




સામે યુવા નેતાએ કોઈ સ્પષ્ટતા કરી નથી, ન તો પક્ષ કે પોલીસનુ કોઈ નિવેદન આવ્યુ નથી. સુત્રો તરફથી વાત કરીએ તો જે રીતે મહિલાનો આક્ષેપ છે તેને ધ્યાને રાખીને પોલીસ પણ ફરીયાદ નોંધી શકે છે. મહિલાનો એવો પણ આક્ષેપ છે કે સપ્તાહ દરમિયાન તેમની છેડતી કરવામાં આવી હતી. ત્યારે શું વાતમાં સત્યતા છે કે નહી તે તો પોલીસ તપાસ કરશે. તો જ બહાર આવશે, તો જે મહિલા આક્ષેપ કરી રહી છે તેમનુ કહેવુ છે કે અન્ય મહિલાઓ અને યુવતિઓને પણ આ યુવાને મેસેજ કર્યા છે. ૮ થી ૧૦ તારીખ વચ્ચે અશ્લીલ મેસેજ મોકલ્યા હતા અને યુવાને જાહેરમાં અશ્લીલ હરકતો કરી હતી અને ફરાર થયો હતો. તો મહિલાનુ વધુમાં કહેવુ છે કે મને આવી રીતે કરી શકતો હોય તો બીજાને પણ કરતો હતો, તો યુવાનના ફોનમાં પણ ખોટા ડોકયુમેન્ટ છે અને તેને કડક સજા મળવી જોઈએ અને ભાજપમાં તેનુ જે પદ છે તે પણ છીનવાઈ જવુ જોઈએ અને નોકરીમાંથી પણ દુર કરવામાં આવે તેવો આક્ષેપ કર્યો છે. મહિલાઓએ કચ્છના સાંસદ પાસે મદદની ગુહાર લગાવી હતી.

# રાજુલાના ધાતરવડી બ્રિજ પરથી ટ્રક નીચે ખાબકતાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના રાજુલાના ધાતરવડી બ્રિજ પરથી એક અનિયંત્રિત ટ્રક અચાનક નીચે ખાબક્યો હતો. બ્રિજ નીચે પટકાતાની સાથે જ ટ્રકમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ફસાયેલા ટ્રકચાલકનું ઘટનાસ્થળે જ જીવતા ભૂંજાઈ જવાથી કરુણ મોત નીપજ્યું હતું. રાજુલાના ધાતરવડી બ્રિજ પરથી પસાર થઈ રહેલો એક ટ્રક કોઈ કારણોસર ચાલકે કાબૂ ગુમાવતા બ્રિજની રેલિંગ તોડીને નીચે ખાબક્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે નીચે પટકાતા જ ટ્રકની ઓઈલ ટેક અથવા એન્જિનમાં બ્લાસ્ટ થતાં આખો ટ્રક જોતજોતામાં આગની લપેટમાં આવી ગયો હતો અને આગનો ગોળો બની ગયો હતો. આ આગ અને અકસ્માતની ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને જોતા ૧૧૨ની ટીમ અને ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરોએ સતત ૨ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે ટ્રકચાલકને બહાર નીકળવાનો મોકો જ મળ્યો નહોતો અને તે કેબિનમાં જ જીવતો ભૂંજાઈ ગયો હતો.

### વિદ્યાર્થીને ચાવી લાવવાના બહાને કમ્પ્યુટર રૂમમાં બોલાવ્યો

# ધોળકામાં સરકારી શાળામાં જ સગીર વિદ્યાર્થીને અડપલાં કરનાર શિક્ષક ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરમાંથી અત્યંત શરમનાક ઘટના સામે આવી છે. પોલીસે એક સરકારી શાળાના કમ્પ્યુટર રૂમમાં ૧૩ વર્ષીય સગીર વિદ્યાર્થીને અડપલાં કરવાના ગંભીર આરોપમાં ૪૯ વર્ષીય સરકારી શાળાના શિક્ષકની ધરપકડ કરી છે. કામાંધ બનેલા શિક્ષકે આ ઘટના અંગે કોઈને જાણ કરવા પર સગીરને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.ધોળકા શહેરમાં આવેલી સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતો ૪૯ વર્ષીય વિજયકુમાર સોલંકીએ ૧૭મી જૂનના રોજ ૧૩ વર્ષીય વિદ્યાર્થીને ચાવી લાવવાના બહાને સ્કૂલના કમ્પ્યુટર રૂમમાં લલચાવીને લઈ ગયો હતો. રૂમની અંદર જઈ નરાધમ શિક્ષકે વિદ્યાર્થી સાથે અડપલાં શરૂ કરી તેનું જાતીય શોષણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભયભીત થયેલો સગીર ગમે તેમ કરીને શિક્ષકની પકડમાંથી છટકીને ભાગી નીકળ્યો હતો. વિદ્યાર્થી તેની પકડમાંથી ભાગી જતાં પકડાઈ જવાના ડરથી ગુસ્સે ભરાયેલા વિજયકુમારે સગીરને ધમકાવ્યો હતો. તેણે ધમકી આપી હતી કે, જો આ ઘટના વિશે તે કોઈને પણ વાત કરશે તો તેને જાનથી મારી નાખવામાં આવશે અને તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

આ ઘટના બાદ સગીર વિદ્યાર્થીએ હિંમત ભેગી કરીને પોતાના પરિવારને આપવીતી જણાવી હતી. જેના પગલે ૧૯મી જૂનના રોજ સગીરના પરિવારે ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં નરાધમ શિક્ષક વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. પોલીસે સઘન તપાસ હાથ ધરી, પુરાવા એકત્રિત કરીને આરોપી શિક્ષક વિજયકુમાર સોલંકીની ધરપકડ કરી હતી. હાલ આ મામલે પોલીસે આરોપી વિરુદ્ધ જેલના સળિયા પાછળ ધકેલી આગળની કાર્યવાહી હાથ ધરી છે

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# શિક્ષણના નામે ઉઘાડી લુંટ : પેપરલીંક : પરીક્ષા કૌભાંડો સામે કોંગ્રેસ મેદાને

## રાજયભરમાં છાત્ર ગુંજ કાર્યક્રમો : ૨૨,૨૩ જુને તમામ જિલ્લાઓમાં પ્રેસ કોન્ફરન્સ યોજી સરકારની નિષ્ફળતા ઉજાગર કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ આજે શનિવારે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ માં જણાવ્યુ હતુ કે શિક્ષણ, રોજગાર અને યુવાનોના ભવિષ્ય સાથે સીધો સંબંધ ધરાવતા અત્યંત ગંભીર વિષય પર સમગ્ર ગુજરાત અને દેશનુ ધ્યાન દોરવાની જરૂરીયાત ઉભી થઈ છે.

આજે દેશભરમાં શિક્ષણ વ્યવસ્થા એક પ્રકારની ઉઘાડી લુંટનુ માધ્યમ બની ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને લાખો વિદ્યાર્થીઓ તથા વાલીઓ તેની સીધી અસર ભોગવી રહ્યા છે.

છેલ્લા કેટલાક વરસોમાં દેશ અને ગુજરાતમાં વારંવાર પરીક્ષાઓના પેપરો લીક થવાના બનાવો સામે આવ્યા છે. જેના કારણે લાખો વિદ્યાર્થીઓની વરસોની મહેનત, વાલીઓના આર્થિક બલીદાન અને યુવાનોના સપનાઓ પર પાણી ફરી વળ્યુ છે. માત્ર એક પરીક્ષા રદ થવી એ કોઈ વહિવટી ભુલ નથી, પરંતુ સમગ્ર પરીક્ષા વ્યવસ્થાની નિષ્ફળતા અને તેમાં ચાલતા કૌભાંડોની સાબિતી છે. તાજેતરમાં યોજાયેલી નીટ પરીક્ષામાં પણ પેપર લીક ના ગંભીર આક્ષેપો સામે આવ્યા હતા. દેશભરમાં ૨૨ લાખ થી વધુ વિદ્યાર્થીઓ અને ગુજરાતમાં ૮૦ હજાર થી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. અગાઉ પણ નીટ પરીક્ષા અનેક વખત વિવાદોમાં આવી ચુકી છે, જયારે વારંવાર પેપર લીક થાય છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓનો સમગ્ર પરીક્ષા પધ્ધતિ પરથી વિશ્વાસ ડગમગી જાય છે.

મોદી સરકારના છેલ્લા ૧૦ વરસ દરમિયાન અંદાજે ૮૯ જેટલા પેપરલીક ના બનાવો સામે આવ્યા છે અને ૪૮ જેટલી પરીક્ષાઓ ફરીથી લેવાની ફરજ પડી છે. નીટ ઉપરાંત સીબીએસઈ, એસએસસી, એનડીએ, વ્યાપમ સહિતની અનેક પરીક્ષાઓમાં પણ કૌભાંડો અને ગેરરીતીઓના આક્ષેપો થયા છે. તેમ છતાં સરકાર દ્વારા કોઈ કાયમી અને અસરકારક ઉકેલ લાવવામાં આવ્યો નથી, ગુજરાતની સ્થિતિનો ઉલ્લેખ કરતા અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે બિનસચિવાલય કલાર્ક, જુનીયર કલાર્ક, હેડ કલાર્ક, ફોરેસ્ટ ગાર્ડ સહિતની અનેક ભરતી પરીક્ષાઓના પેપરો લીક થયા, પરીક્ષાઓ રદ થઈ અને લાખો યુવાનોને રસ્તા પર ઉતરીને સંઘર્ષ કરવો પડયો, છતાં પરીક્ષા સંચાલન માટે જવાબદાર અધિકારીઓ અને તંત્ર સામે દાખલારૂપ કડક કાર્યવાહી જોવા મળતી નથી. નીટ પેપરલીક મામલે સમગ્ર દેશના વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. પરંતુ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન દ્વારા કોઈ નૈતિક જવાબદારી સ્વીકારવામાં આવી નથી. આજે લાખો યુવાનો પોતાના ભવિષ્ય અંગે ચિંતિત છે અને સરકાર તેમની પીડા પ્રત્યે સંવેદનશીલ દેખાતી નથી.

રાહુલ ગાંધીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કોંગ્રેસ પાર્ટી શિક્ષણ વ્યવસ્થામાં જરૂરી સુધારા, પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા, પેપરલીક અને ભરતી કૌભાંડ સામે કડક કાર્યવાહી તેમજ શિક્ષણના નામે થતી ઉઘાડી લુંટ ને રોકવા માટે રાજયવ્યાપી અભિયાન ચલાવશે. વિદ્યાર્થીઓના પ્રશ્નો અને યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને કોંગ્રેસ સતત લડત આપતી રહેશે.

આવનારી તારીખ ૨૨ અને ૨૩ જુનના રોજ ગુજરાતના તમામ જિલ્લા મથકો પર પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો, સુચનો, ફરીયાદો અને શિક્ષણ વ્યવસ્થાને લગતી ચિંતાઓને વાચા આપવામાં આવશે. જિલ્લા સ્તરે વિદ્યાર્થીઓના અવાજ ને મજબુત રીતે ઉઠાવી સરકાર સુધી પહોચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત આ પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કો કન્વીનર અને પ્રવકતા શ્રી હેમાંગ રાવલ, પ્રદેશ મહામંત્રી અને અમદાવાદ શહેર પ્રભારી ડો. હેમાંશુ પટેલ, પ્રવકતા ડો. હિરેન બેન્કર, મુકેશ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.

## પાઠયપુસ્તક મંડળ દ્વારા રાતે ઉજાગરા અને રોજેરોજ ૧૦ લાખ પુસ્તકોનુ કરાશે વિતરણ

# કુંભકર્ણ નિંદ્રામાં પોઢેલા શિક્ષણમંત્રી જાગ્યા: પ્રિન્ટીંગમાં મોડુ થયા બાદ પ્રવેશોત્સવ પહેલા ચોપડા પહોચાડવા દોડાદોડી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



રાજયના લાખો વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા હાલમાં ખુબ જ વેગવંતી કામગીરી હાથ ધરવામાં આવી છે. વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો મળી રહે તે માટે મંડળ દ્વારા યુદ્ધના ધોરણે પુસ્તક વિતરણની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આગામી સમયમાં યોજાનારા પ્રવેશોત્સવ પહેલા જ ધોરણ ૯ થી ૧૨ ના તમામ પુસ્તકો નિર્ધારીત સ્થળોએ પહોચી જાય તે પ્રકારનુ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.

રાજયના શિક્ષણમંત્રી વાજા એ આળસ ખંખેરી પુસ્તક મંડળના ગોડાઉનની મુલાકાત લઈ કામગીરી ની સમીક્ષા કરી હતી. મંડળ દ્વારા રોજના સરેરાશ ૧૦ લાખ પુસ્તકોનુ વિતરણ કરવાનુ આયોજન કરાયુ છે. જેમાં શુક્રવારના રોજ એક જ દિવસમાં ૨૧ લાખ પુસ્તકો મોકલવામાં આવ્યા હતા. પાઠય પુસ્તક મંડળ દ્વારા આગામી અઠવાડીયામાં પુસ્તકોનુ વિતરણ પૂર્ણ કરી દેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ લક્ષ્યાંકને સમયસર સિધ્ધ કરવા માટે મંડળના અધિકારીઓ અને કર્મચારીઓ અવિરત મહેનત કરી રહ્યા છે અને ગોડાઉન પર મોડી રાત્રે ૩ વાગ્યા સુધી પુસ્તકોના લોડીંગ અને અનલોડીંગની કામગીરી ચાલુ રાખવામાં આવી છે.

હાલમાં મંડળના કેન્દ્રો પર રોજ ૧૦ લાખ પુસ્તકોની આવક થઈ રહી છે. જેની સામે તેટલી જ માત્રામાં એટલે કે ૧૦ લાખ પુસ્તકોની જાવક પણ નોંધાઈ રહી છે. મંડળના સત્તાવાર સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ રોજના સરેરાશ ૫૦૦ ટન વજનના પુસ્તકો જુદા જુદા જીલ્લાઓમાં મોકલવામાં આવી રહ્યા છે.

આ કામગીરી દરમિયાન શુક્રવારનો દિવસ અતિ મહત્વનો સાબિત થયો હતો. શુક્રવારના રોજ માત્ર એક જ દિવસમાં ૭૦૦ ટન વજન ધરાવતા આશરે ૨૧ લાખ જેટલા પુસ્તકો અલગ અલગ જિલ્લાઓ તરફ રવાના કરવામાં આવ્યા હતા. ઘણા જિલ્લાઓમાં મુખ્ય કેન્દ્રો પર પુસ્તકો પહોચી ગયા હોવાના કારણે સ્થાનિક કક્ષાએ શાળાઓમાં વિદ્યાર્થીઓને પુસ્તકો આપવાનુ વિતરણ પણ શરૂ કરી દેવાયુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વરસે પુસ્તકોના પ્રિન્ટીંગની કામગીરીમાં થોડો સમય વિલંબ જોવા મળ્યો હતો. આ વિલંબ પાછળ વૈશ્વિક સ્તરે સર્જાયેલી યુદ્ધની સ્થિતિ તેમજ કાગળની ખરીદી અંગે કોર્ટમાં ચાલી રહેલા કેસ મુખ્યત્વે જવાબદાર હતા.

# એનટીએ નો વધુ એક છબરડો : નીટ ના વિદ્યાર્થીને અબુ ધાબીમાં પરીક્ષા કેન્દ્ર આપી દીધુ: વિદ્યાર્થી બોલ્યો મારી પાસે પાસપોર્ટ પણ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર



દેશભરમાં આજે ૨૧ જુને ફરી નીટ પરીક્ષા યોજાવવાની છે. જેમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ ફરી એકવાર પોતાનુ નસીબ અજમાવવા માટે તૈયાર છે. પરંતુ નાગપુર ના અબદુલ્લા મોહમદ સાથે બનેલી એક ઘટનાએ ફરી એકવાર નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ) ને સવાલોના ઘેરામાં મુકી દીધી છે. નીટ વિવાદ બાદ પરીક્ષાને પુરી રીતે આયોજીત પરીક્ષા પુરી રીતે પારદર્શી રીતે આયોજીત કરવા માટે કેન્દ્ર સરકાર દાવા પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

એનટીએ ની મોટી બેદરકારી બહાર આવી છે. નાગપુરના વિદ્યાર્થી અબદુલ્લાને ફરીથી પરીક્ષા માટે અબુધાબી (યુએઈ) માં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યુ હતું. પોતાની મુશ્કેલી શેર કરતા તેણે કહ્યુ હતુ કે તેની પાસે પરીક્ષા માટે ત્યાં જવા માટે પાસપોર્ટ પણ નથી. હવે તેમાં સુધારો કરીને નાગપુરમાં પરીક્ષા કેન્દ્ર આપવામાં આવ્યુ છે. પરીક્ષા માટે માત્ર એક જ દિવસ બાકી હતો એટલે કે આજે તારીખ ૨૦ જુને અબુ ધાબી નુ પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યુ હોવાના સમાચાર મળતા વિદ્યાર્થી અને તેના માતા પિતા ખુબ ચિંતિત હતા, આ અગાઉ વિદ્યાર્થીને નાગપુર માં જ એક કેન્દ્ર ફાળવવામાં આવ્યુ હતું. પસંદગીના વિકલ્પો છતાં એનટીએની ભુલ ફરી એકવાર સામે આવી છે. અબદુલ્લાએ અરજીમાં નાગપુર, વર્ધા અને ભંડારાને પોતાની પસંદગીના કેન્દ્ર તરીકે સુચિબધ્ધ કર્યા હતા. પરંતુ એનટીએ એ આ બધા વિકલ્પોને અવગણીને તેમને વિદેશમાં પરીક્ષા કેન્દ્ર આપી દીધુ, મીડીયાના અહેવાલ મુજબ ભુતપૂર્વ મંત્રી અને કોંગ્રેસના નેતા ડો. અનિશ અહેમદ સાથે વાત કરતા પોતાની નારાજગી વ્યકત કરતા કહ્યુ હતુ કે એનટીએ એ પરીક્ષા પ્રક્રિયાના ધજાગરા ઉડાવી દીધા છે અને સુધારેલુ પ્રવેશપત્ર તાત્કાલીક જાહેર કરવુ જોઈએ, નોંધનીય છે કે આ વિદ્યાર્થી પાસે પાસપોર્ટ પણ નથી, માત્ર ૨૪ થી ૪૮ કલાક ના પાસપોર્ટ અને વિઝા ઔપચારીકતાઓ પૂર્ણ કરીને તેને પરીક્ષા માટે વિદેશ મોકલવા અમારા માટે અશકય છે. તેને લઈને વિદ્યાર્થીએ હેલ્પલાઈનમાં ફરીયાદ નોંધાવી હતી. ટેકનીકલ ભુલ સ્વીકારતા, અધિકારીઓએ ખાત્રી આપી હતી કે ટુંક સમયમાં સુધારેલુ પ્રવેશપત્ર જાહેર કરવામાં આવશે, જો કે નવી હોલ ટીકીટ ન મળે ત્યાં સુધી વિદ્યાર્થી અને તેનો પરીવાર માનસિક તણાવમાં છે.

મહારાષ્ટ્રના ભુતપૂર્વ મંત્રી અને કોંગ્રેસના નેતા અનીષ અહેમદે જણાવ્યુ હતુ કે આ મુદ્દો ઉઠાવ્યા બાદ એનટીએ હેલ્પ લાઈનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ગઈ કાલે શુક્રવારે મોડી રાત્રે સંપર્ક થયા બાદ વિદ્યાર્થીને જાણ કરવામાં આવી કે આજે શનિવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં નાગપુર સેન્ટર ફાળવવામાં આવશે અને નવુ એડમીટ કાર્ડ જાહેર કરવામાં આવશે, હવે તેમાં સુધારો કરીને નાગપુરમાં પરીક્ષા કેન્દ્ર આપવામાં આવ્યુ છે.

# ખેડુતો માટે સરકારે લીધો ઐતિહાસિક નિર્ણયઃ હવે સિંચાઈ માટે ૮ ને બદલે મળશે સળંગ ૧૦ કલાક વિજળી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત રાજયના લાખો ધરતીપુત્રો અને ખેડુત સંગઠનોની લાંબા સમયની રજુઆતો અને ઉગ્ર માંગણીઓનો આખરે સુખદ અંત આવ્યો છે. રાજય સરકારે ખેડુતોના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણય લીધો છે. ચોમાસાની શરૂઆતમાં વાવણી થઈ ગયા બાદ રાજયના કેટલાક વિસ્તારોમાં વરસાદ ખેંચાવવાના કારણે ઉભો પાક સુકાઈ જવાની ભીતી સેવાઈ રહી હતી. ખેડુતોની આ ચિંતાને ગંભીરતાથી લઈને સરકારે જાહેરાત કરી છે કે હવેથી સિંચાઈ માટે ખેડુતોને આપવામાં આવતી વિજળીનો સમયગાળો વધારીને ૧૦ કલાક કરવામાં આવશે. અત્યાર સુધી કૃષિ માટે ૮ કલાક વિજળી આપવામાં આવતી હતી, જેમાં હવે ૨ કલાકનો સીધો વધારો કરાયો છે.

આ યોજનાનો મુખ્ય હેતુ એવા વિસ્તારોના ખેડુતોને મદદ કરવાનો છે, જયાં હજુ સુધી પુરતો વરસાદ પડયો નથી, જે વિસ્તારોમાં વરસાદ ન થવાને કારણે જમીનમાં ભેજ સુકાઈ રહ્યો છે અને વાવણી નિષ્ફળ જવાની અણી પર છે. તેવા વિસ્તારોમાં તાત્કાલીક અસર થી ૮ કલાકના બદલે ૧૦ કલાક વિજળી સપ્લાય શરૂ કરી દેવામાં આવશે. આ વધારાની ૨ કલાકની વિજળી મળવાથી ખેડુતો પોતાના કુવા, બોરવેલ કે કેનાલના પાણીથી ઉભા પાકને પુરતુ પાણી આપી શકશે, ચાલુ સિઝનમાં જે ખેડુતોએ કપાસ, મગફળી, ડાંગર કે અન્ય ખરીફ પાકોની વાવણી શરૂ કરી દીધી છે. તેમના માટે આગામી થોડા દિવસો ખુબ જ કટોકટીપુર્ણ માનવામાં આવી રહ્યા હતા. જો સમયસર પાણી ન મળે તો બિયારણ અને ખેડુતોની આખી મહેનત પાણીમાં જાય તેમ હતી, સરકારના આ નિર્ણયથી વાવણી થઈ ગયેલા તમામ વિસ્તારોમાં પીયતની સુવિધા સુદ્રઢ બનશે. કૃષિ મંત્રીએ આ અંગે જણાવ્યુ હતુ કે સરકાર હંમેશા ધરતીપુત્રોની પડખે ઉભી રહી છે. ખેડુતોને આર્થિક નુકશાન ન થાય અને તેમનો પાક સુરક્ષિત રહે તે માટે વીજ કંપનીઓને પુરતા પ્રમાણમાં પાવર સપ્લાય જાળવી રાખવા કડક સુચનાઓ આપી દેવામાં આવી છે.

સરકાર દ્વારા વીજ પુરવઠો વધારવાની સત્તાવાર જાહેરાત થતા જ સમગ્ર ગુજરાતના ખેડુતો અને વિવિધ કિસાન સંગઠનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ખેડુત અગ્રણીઓએ સરકારના આ નિર્ણયને આવકારતા જણાવ્યુ હતુ કે આ નિર્ણયથી માત્ર પાક જ નહી બચે, પરંતુ ખેડુતોનો મોટો આર્થિક વ્યય પણ અટકશે, વીજ સપ્લાયના આ નવા ટાઈમ ટેબલને કારણે હવે ખેડુતો દિવસ દરમિયાન અથવા અનુકુળ સમયે પોતાના ખેતરોમાં વધુ સારી રીતે કામ કરી શકશે, અત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં આ નિર્ણયના કારણે ધરતીપુત્રોએ મોટી રાહત અનુભવી છે.

# વડોદરાના ભાજપના ગઢ માં જ પાણી મુદ્દે હોબાળોઃ મહાનગરપાલિકા સામે કાર્યકરો નારાજ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરાના હાર્દ સમાન સીટી વિસ્તારમાં આવેલા અને ભાજપના ગઢ ગણાતા બાજવાડા શેઠ શેરી વિસ્તારમાં લોકો દુષિત પાણીના કારણે પરેશાન છે. છેલ્લા ૨૦ કરતા વધુ દિવસ થી દુષિત પાણી આવી રહ્યુ છે. આ મામલે વારંવાર મહાનગર પાલિકાને રજુઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા આખરે સ્થાનિક ભાજપના જ કાર્યકરોએ પોતાની જ સરકારની મહાનગરપાલિકા સામે બાંયો ચઢાવી છે. કાર્યકરો અને સ્થાનિકોએ તંત્ર પર ઉગ્ર રોષ ઠાલવી તાત્કાલીક શુધ્ધ પીવાનુ પાણી પુરૂ પાડવા માંગ કરી છે. જો આ સમસ્યા વહેલીતકે નહી ઉકેલાય તો ભાજપના આ ગઢમાં મોટુ ગાબડુ પડી શકે છે.




# LRD પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયાને લઈને મહત્ત્વના અહેવાલ સામે આવ્યા છે. ભરતી બોર્ડ દ્વારા લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી દેવામાં આવી છે. આ સાથે જ ઉમેદવારો ક્યાં સુધી પોતાની **OMR** સીટ ડાઉનલોડ કરી શકશે અને વાંધા સૂચનો કઈ તારીખ સુધી મોકલી શકશે તેની વિગતો પણ જાહેર કરી છે.

પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોની ઓએમઆર શીટ સ્કેન કરીને ૧૫મી જૂનના રોજના રોજ જ ભરતી બોર્ડની વેબસાઈટ **https://gprb.gujarat.gov.in** પર અપલોડ કરી દેવામાં આવી છે. ઉમેદવારો આગામી ૨૯મી જૂન ૨૦૨૬ સુધીમાં **OMR** શીટ ડાઉનલોડ કરી શકશે. તમામ ઉમેદવારોએ વેબસાઈટ પર ઉપલબ્ધ 'માસ્ટર સેટ' પ્રશ્નપત્ર મુજબ પોતાના જવાબોની ચકાસણી કરવાની રહેશે.જો કોઈ ઉમેદવારને પ્રોવિઝનલ આન્સર કીમાં દર્શાવેલા જવાબો સામે કોઈ વાંધો કે રજૂઆત હોય, તો તે ૨૪મી જૂનના રોજ સાંજે ૫ વાગ્યા સુધી જ ઓનલાઈન અરજી કરી શકે છે. વાંધા અરજી માત્રને માત્ર ભરતી બોર્ડની વેબસાઈટ પર આપેલી સૂચનાઓ મુજબ ઓનલાઈન જ સબમિટ કરવાની રહેશે. આ ઉપરાંત ઓનલાઈન રજૂઆત કરતી વખતે યોગ્ય આધાર અથવા પુરાવા સાથે જોડવાના રહેશે. ઈ-મેઈલ, પોસ્ટ, કુરિયર કે અન્ય કોઈ પણ ઓફલાઈન માધ્યમથી મોકલેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

## મંદિર-દેરાસર વિસ્તારમાં શોધતા હતા ટાર્ગેટ

# ચેઈન સ્નેચિંગ કરતા બે રીઢા ગુનેગાર ઝડપાતા ૬ ગુના ઉકેલાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (**LCB**) ઝોન-૧ની ટીમે વહેલી સવારે મંદિરો અને જૈન દેરાસરોમાંથી દર્શન કરીને પરત ફરતા લોકોને નિશાન બનાવતી એક રીઢા ગુનેગારોની ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે સ્નેચર્સની ધરપકડ કરીને ચેઈન સ્નેચિંગના ૬ મોટા ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ સાથે જ ચોરાયેલા દાગીના ખરીદનારી એક મહિલાને ફરાર જાહેર કરી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.આ સફળતાની શરૂઆત નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસથી થઈ હતી. આઠમી મે ૨૦૨૬ના રોજ સવારે મીઠાખળી જૈન દેરાસરથી દર્શન કરીને ઘરે પરત ફરી રહેલી એક મહિલાને વૈદેહી એપાર્ટમેન્ટ નજીક બાઈક સવાર બે બદમાશોએ આંતરી હતી. બાઈક પાછળ બેઠેલા શખસે મહિલાના ગળામાંથી સોનાની ચેઈન આંચકી લીધી હતી અને બંને ફરાર થઈ ગયા હતા. શહેરમાં વહેલી સવારે વધતા સ્નેચિંગના બનાવોને ગંભીરતાથી લઈને **LCB** ઝોન-૧ની ટીમે આ મામલે સઘન તપાસ શરૂ કરી હતી.

આરોપીઓ સુધી પહોંચવા માટે પોલીસ અધિકારીઓએ શહેરના વિવિધ વિસ્તારોના ૫૦૦થી વધુ સીસીટીવી (**CCTV**) કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજ પરથી કડી મળી હતી કે સ્નેચિંગ કર્યા બાદ શંકાસ્પદો પાલડી અને નારાયણ નગર વિસ્તાર તરફ ભાગી રહ્યા છે. પોલીસ ટીમે આ વિસ્તારમાં આશરે ૧૦ દિવસ સુધી સતત વોચ ગોઠવી, દેખરેખ રાખી હતી. આખરે ચોક્કસ બાતમી મળતા જ પોલીસે બંને આરોપીઓને દબોચી લીધા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ૪૪ વર્ષીય પંકજ શંકરલાલ પરમાર જે મૂળ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વતની છે અને ઉદયપુર ૩૮ વર્ષીય લક્ષ્મણસિંહ ચૌહાણ તરીકે થઈ છે. નાના ચિલોડાની રહેવાસી આશાબહેન ઠક્કરને પણ વોન્ટેડ આરોપી જાહેર કરી છે. આ મહિલા પર આરોપ છે કે તે આ લૂંટારુઓ પાસેથી ચોરીના સોનાના દાગીના સસ્તા ભાવે ખરીદતી હતી. પોલીસ હાલ તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસની કડક પૂછપરછમાં આરોપીઓએ અમદાવાદના નવરંગપુરા, સાબરમતી, શાહીબાગ, રાણીપ, મણિનગર અને ખોખરામાં આચરેલા ગુનાઓની કબૂલાત કરી છે.

પોલીસે આ કાર્યવાહી દરમિયાન આરોપીઓ પાસેથી કુલ ૨.૮૧ લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ રિકવર કર્યો છે. પોલીસ રેકોર્ડ અનુસાર, પકડાયેલા અને વોન્ટેડ તમામ આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ છે. પંકજ પરમાર સામે અમદાવાદ અને સુરતમાં લૂંટ, ચેઈન સ્નેચિંગ અને ચોરીના ઓછામાં ઓછા ૧૦ ગુનાઓમાં સંડોવાયેલો છે. લક્ષ્મણસિંહ ચૌહાણ અગાઉ લૂંટના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે. જ્યારે આશાબહેન સામે પણ છેતરપિંડી, ચોરી, લૂંટ અને ચોરાયેલી મિલકત રાખવાના અનેક કેસો અગાઉ નોંધાઈ ચૂક્યા છે. હાલ પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ગેંગે અમદાવાદ સિવાય અન્ય કયા જિલ્લાઓમાં સ્નેચિંગની ઘટનાઓને અંજામ આપ્યો છે અને બાકીનો ચોરાયેલો મુદ્દામાલ ક્યાં સગેવગે કર્યો છે.


પશ્ચિમ રેલ્વે

બાંધકામ કાર્ય

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, મુંબઈ- 400 020 આમંત્રણ (TWO પેકેટ સિસ્ટમ), ટેન્ડર નંબર Dy.CE(C)CCG/358(EPC), તારીખ: 17.06.2026. કાર્યનું નામ: પશ્ચિમ રેલ્વેના મુંબઈ વિભાગમાં વિદ્યુતીકરણના કાર્યો સહિત નવા પાલઘર અને વાધવન બંદર (વરોર સ્ટેશન) વચ્ચે નવી ડબલ લાઇનનું બાંધકામ. NIT મૂલ્ય: ₹734,42,48,409/- EMD: ₹ 14,68,85,000/-. ઈ-બિડ બંધ થવાની તારીખ: 14.10.2026 ના 11:00 કલાક સુધી. ઈ-બિડ ખુલવાની તારીખ: 21.10.2026 ના રોજ 16:00 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0282

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલ્વે

વિદ્યુત કાર્ય

Sr. DEE/P/BCT, મુંબઈ વિભાગ, ટેન્ડર નં.: EL-166-169-WA-26, તારીખ 17.06.2026 (બે પેકેટ સિસ્ટમ) માટે આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થાન: મુંબઈ વિભાગ (Suburban Section) - ગ્રાન્ટ રોડ (3), મુંબઈ સેન્ટ્રલ (1), લોઅર પરેલ (2), પ્રભાદેવી (1), બાંદ્રા (3), ખાર રોડ (1), જોગેશ્વરી (3), મલાડ (1) ખાતે એસ્કેલેટર (15 નંગ) ની જોગવાઈ. (ઇલેક્ટ્રિકલ અને સિવિલ કાર્ય માટે સંયુક્ત ટેન્ડર). કાર્યની અંદાજિત કિંમત: 23,83,09,254.93. EMD: 47,66,200/-. સબમિશનની તારીખ અને સમય: 13.07.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: 13.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0284

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલ્વે

મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નં. S/31/2026, તારીખ 17.06.2026

| ક્ર. નં. | ટેન્ડર નં. | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 247 | 23260933 | વાઈડ જોવ એડેપ્ટર | 8005 નંગ | ૧૦-ઓગસ્ટ-૨૬ |
| 248 | 9265007 | ટ્રેક્શન મોટર | 1 સેટ | 21-જુલાઈ-26 |
| 249 | 15262069 | સેકન્ડરી વર્ટિકલ ડેમ્પર | 1176 નંગ | 20-જુલાઈ-26 |
| 250 | 15262050 | યાવ ડેમ્પર | 3062 નંગ | 16-જુલાઈ-26 |
| 251 | 15262018 | બોલ જોઈન્ટ રોલ લીંક | 9588 નંગ | 15-જુલાઈ-26 |
| 252 | 11255038A | નીચે વિગતવાર મુજબ EOT ક્રેન્સનો પુરવઠો, સ્થાપન અને કમિશનિંગ | 150 મીટર 4 નંગ | 14-જુલાઈ-26 |
| 253 | 23263901 | સતત સંપર્ક પોલી યુરેથેન સાઇડ બેરર | 2958 નંગ | 13-જુલાઈ-26 |
| 254 | 27267004 | પશ્ચિમ રેલ્વેમાં કાર્યરત વિવિધ ટ્રેક મશીનમાં 03 વર્ષ એટલે કે 2026-27, 2027-28 અને 2028-2029 માટે ફીટ કરાયેલ ડ્યુટ્ઝ મેક એન્જિન સ્પેર માટે રેટ કોન્ટ્રાક્ટ | 1 સેટ | 13-જુલાઈ-26 |
| 255 | 4263133 | રેલ્વે કોચ માટે અનંત 'V બેલ્ટ કદ C-122 12 નંગના મેચિંગ સેટમાં | 25982 નંગ | 13-જુલાઈ-26 |
| 256 | 15260508A | બફર પ્લન્જર માટે ફેસ પ્લેટ | 6729 નંગ | 11-જુલાઈ-26 |

શુધ્ધિપત્ર

કૃપા કરીને ટેન્ડર નોટિસ નંબર S-23-2026 તારીખ: 12.05.2026 ક્રમાંક 145 પર "09.07.2026" તરીકે વાંચો.

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો.

0279

અમને લાઇક કરો: facebook.com/WesternRly •અમને ફોલો કરો: X.xom/WesternRly

પશ્ચિમ રેલ્વે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ વિભાગમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-PnU-26-6 | 03-07-26 13:00:00 |

| ક્રમ નં. | લોટ નં. | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | PnU-BCT-MMCT-WRL-80-25-1 (ચુકવણી અને ઉપયોગ - લોજ / વેઇટિંગ / રિટાયરિંગ / ક્લોક રૂમ) | મુંબઈ સેન્ટ્રલ (MMCT) સ્ટેશન પર રિટાયરિંગ રૂમ / ડોર્મિટરીઝના નવીનીકરણ, સંચાલન અને જાળવણી માટે ઈ-હરાજી | 1826 | 03-07-26 13:30:00 |

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVTM26-12 | 03-07-26 14:00:00 |

| ક્રમ નં. | લોટ નં. | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | MSS-BCT-BVI-RCR-106-26-1 (પરચુરણ-સ્ટેટિક-સર્વિસીસ - રેલ કોચરેસ્ટોરન્ટ) | બોરીવલી સ્ટેશન પર પૂર્વ બાજુના સર્ક્યુલેશન વિસ્તારમાં "રેલ કોચ રેસ્ટોરન્ટ" ની જોગવાઈ 23 MX6M=138 SQMAND KITCHEN 4.5 MX3.6 M = 16.2 M માપવા. | 1826 | 03-07-26 14:30:00 |

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-26-22 | 03-07-26 15:00:00 |

| ક્રમ નં. | લોટ નં. | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-Int-S1-EMU15car-357-26-1 (જાહેરાત - ટ્રેનનું આંતરિક ભાગ) | પશ્ચિમ રેલ્વેના મુંબઈ ડિવિઝન પર 5 વર્ષના સમયગાળા માટે 15 કાર/કોચ EMU રેક્સમાંથી 10 નંબરમાં આંતરિક પેનલ અને રૂટ મેપ દ્વારા જાહેરાતનું પ્રદર્શન. | 1826 | 03-07-26 15:30:00 |
| 2 | ADVT-BCT-BVI-OH-468-26-1 (જાહેરાત - ઘરની બહાર) | બોરીવલી ફરતા વિસ્તારમાં 5 વર્ષના સમયગાળા માટે 20 ગ્લોસાઇન ઇન્સ્ટોલેશન દ્વારા બલ્ક જાહેરાત અધિકારો, કુલ માપન ક્ષેત્રફળ 592 ચોરસ ફૂટ. | 1826 | 03-07-26 15:40:00 |
| 3 | ADVT-BCT-CCG-OH-469-26-1 (જાહેરાત - ઘરની બહાર) | ચર્ચગેટ પીએફ નંબર 4 ની પૂર્વ બાજુની દિવાલો પર રોડ સાઇડ તરફ મુખ રાખીને LCD/LED દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટે 05 વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1826 | 03-07-26 15:50:00 |

સંપર્ક વિગતો: લેન્ડલાઇન નંબર: 02267644212. ઇમેઇલ આઈડી: acmadvtgbct@gmail.com નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.

0281

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.xom/WesternRly

# ૧૩૦ કિમીની સ્પીડ, લોખંડી ઈરાદાઃ પિતાના દઢ નિશ્ચયથી સર્જાયો અમદાવાદનો યુવા ક્રિકેટ સ્ટાર પ્રાંજલ ભરવાડ!



માતાની પ્રાર્થના અને પિતાનો સંઘર્ષ, હવે દીકરો નામ રોશન કરવા તૈયાર! ભારતીય ટીમની બ્લુ જર્સી પહેરવાનું એકમાત્ર ઝનૂન

પરિવારના સપનાં ને ક્લીન બોલ્ડ કરવાનું ઝનૂનઃ પ્રાંજલ ભરવાડની ક્રિકેટ કારકિર્દી પાછળ પિતાના ત્યાગની કહાની

કહેવાય છે કે સપનાઓ એમના જ સાચા થાય છે જેના ઈરાદા લોખંડી હોય છે. આવો જ એક અડગ ઈરાદો ધરાવે છે અમદાવાદનો ૧૭ વર્ષનો યુવાન પ્રાંજલ ભરવાડ. પ્રાંજલ માત્ર ક્રિકેટ પાછળ દોડનારો સામાન્ય યુવાન નથી, પરંતુ પોતાના મધ્યમ વર્ગીય પરિવારની કિસ્મત બદલવા માટે મેદાન પર લોહી-પરસેવો એક કરનારો આશાસ્પદ ઓલરાઉન્ડર છે.

પ્રાંજલના ઘરની આર્થિક સ્થિતિ એવી નહોતી કે મોંઘી ક્રિકેટ એકેડમીની ફી સરળતાથી ભરી શકાય. પિતાની કમાણી માત્ર ઘરનું ગુજરાન ચલાવવા પૂરતી જ હતી. પરંતુ પ્રાંજલની આંખોમાં ક્રિકેટ પ્રત્યેની અડગ ધગશ અને ખેવના જોઈને માતા-પિતાએ પોતાના સુખ-સાહેબીના સપનાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધું. પિતાએ પોતાના જૂના બૂટ-ચંપલ ન બદલ્યા, પણ દીકરાના પગમાં ક્યારેય મોંઘા સ્પાઈક્સ (ક્રિકેટ શૂઝ) ની અછત ન થવા દીધી.

માતા-પિતાના આ જ ત્યાગનું પરિણામ છે કે પ્રાંજલ આજે અમદાવાદની પ્રખ્યાત ક્રિકેટ એકેડમીમાં એક ચમકતો સિતારો બન્યો છે. રોજ સવારે અને સાંજે જ્યારે શરીર જવાબ આપી દે ત્યારે પણ પ્રાંજલ નેટ્સમાં બોલિંગ ચાલુ રાખે છે. આ જ અથાગ મહેનતના બળે તે આજે પ્રતિ કલાક ૧૩૦ કિલોમીટરની પ્રચંડ ગતિએ બોલ ફેંકે છે. તેની આ સ્પીડ પાછળ પિતાનો સંઘર્ષ અને માતાની પ્રાર્થનાઓ જોડાયેલી છે.

ટીમ માટે સંકટ સમયની સાંકળપ્રાંજલ માત્ર એક ફાસ્ટ બોલર નથી, પરંતુ એક ઉત્કૃષ્ટ ઓલરાઉન્ડર પણ છે. જ્યારે પણ ટીમ મુશ્કેલીમાં હોય અને વિકેટો પડી રહી હોય, ત્યારે પ્રાંજલ બેટ હાથમાં લઈને ક્રીઝ પર અડીખમ ઊભો રહી જાય છે અને ટીમને જીત તરફ દોરી જાય છે.


પ્રાંજલનું હવે એક જ સપનું અને એક જ ઝનૂન છે—ભારતીય ક્રિકેટ ટીમની એ પ્રતિષ્ઠિત બ્લુ જર્સી પહેરવી, જેના પર તેના પરિવારનું નામ લખેલું હોય. સ્પર્ધા ખૂબ મોટી છે અને રસ્તો કાંટાળો છે, પરંતુ પોતાના પરિવારના આંસુઓને ખુશીમાં બદલવા માંગતા આ યુવાનના ઈરાદાઓ સામે તમામ મુશ્કેલીઓ નાની સાબિત થઈ રહી છે.

# ગાંધીનગર સચિવાલયમાં સોમવારથી એક અઠવાડીયા સુધી મીની વેકેશન : શાળા પ્રવેશોત્સવ, મોહરમ સહિતની રજાઓને લઈ વેકેશન




પ્રતિનિધિ,ગાંધીનગર

સોમવારથી એક અઠવાડીયા સુધી ગાંધીનગર સચિવાલયમાં કાગડા ઉડશે કે શું એવા પ્રકારની ચર્ચા અત્યાર થી જ અધિકારીઓ અને કર્મચારીઓમાં થઈ રહી છે. જો કે એક અઠવાડીયા સુધી રહેનારી આ પરિસ્થિતિમાં એક સાથે તો રજા નથી. પરંતુ શાળા પ્રવેશોત્સવના કારણે મંત્રી મહાનુભાવો અને અધિકારોઓ વ્યસ્ત હોવાના કારણે આખુ અઠવાડીયુ સચિવાલયમાં પાંખી હાજરી જોવા મળશે, મંગળવારથી ૩ દિવસનો શાળા પ્રવેશોત્સવ શરૂ થઈ રહ્યો છે. ત્યારબાદ મોહરમ અને ચોથા શનિવારની રજા હોવાના કારણે આખુ અઠવાડીયુ સચિવાલય સુમસામ દેખાશે એવુ લાગી રહ્યુ છે. આગામી તારીખ ૨૩ થી ૨૫ એમ ૩ દિવસ સુધી શાળા પ્રવેશોત્સવની જાહેરાત થઈ છે. આ કાર્યક્રમમાં તમામ મંત્રીઓ તેમજ આઈપીએસ, આઈએએસ સહિતના અધિકારીઓ જોડાવવાના હોવાથી ૩ દિવસ સુધી સચિવાલયની કામગીરીને અસર પહોચશે. રાજય સરકારે દરેક મંત્રીને અને અધિકારીઓને એક - એક જિલ્લા ફાળવ્યા છે, આ સંજોગોમાં મંગળવારે શરૂ થતા પ્રવેશોત્સવમાં પહોચવા માટે મોટાભાગના લોકોને સોમવારે જ નીકળી જવુ પડશે, આથી આ વખતે કેબિનેટનુ આયોજન પણ નહી થાય અને મોટાભાગના મંત્રીઓ, અધિકારીઓ સોમવારે જ જિલ્લામાં જવા નીકળી જશે, એટલે સોમવારથી જ સચિવાલયમાં સન્નાટો છવાઈ જશે. મંગળ, બુધ, ગુરૂ એમ ૩ દિવસ પ્રવેશોત્સવ ઉજવાશે. શુક્રવારે મોહરમની અને એ પછી ચોથા શનિવારની રજા હોવાથી આખુ અઠવાડીયુ સચિવાલયમાં મંત્રીઓ કે અધિકારીઓ નહી મળી શકે કે જોવા નહી મળે, આ સંજોગોમાં સચિવાલયમાં સોમ, મંગળ, બુધ,એમ ૩ દિવસનુ જે ધમધમાટ હોય છે તે જોવા નહી મળે, એટલે કે આખુ અઠવાડીયુ સચિવાલયમાં સુમસામ સ્થિતિ જોવા મળશે. આવુ જવલ્લે જ બનતુ હોય છે. જો કે શિક્ષણના સ્તરને મજબુત બનાવવા માટે નરેન્દ્ર મોદીના સમયગાળાથી શરૂ થયેલો પ્રવેશોત્સવનો કાર્યક્રમ અવિરતપણે ઉજવાય છે અને તેની શૈક્ષણિક વ્યવસ્થા પર સારી અસર પડી છે તે નોંધનીય છે.



# રાજસ્થાન યુનિવર્સિટીએ પરીક્ષા રદ કરી કારણકે પ્રશ્નો નહી, પણ જવાબો પેપર પર છપાયેલા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજસ્થાન યુનિવર્સિટીએ બુધવારે,૧૭ જુન સમાજશાસ્ત્ર વિભાગ માટે બીજા સેમેસ્ટરની પરીક્ષા રદ કરી, કારણકે વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો હતો કે તેમને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની મદદથી તૈયાર કરાયેલુ પ્રશ્નપત્ર આપવામાં આવ્યુ હતું. જેમાં પ્રશ્નોના બદલે પૂર્વ લેખિત જવાબો હતા. પીજી સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝમાં "ઈન્ડિયન સોસાયટી" વિષયની પરીક્ષા બપોરે ૩ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી યોજાવાની હતી.

વિદ્યાર્થીઓએ જણાવ્યું કે તેમને પેપર મળતાની સાથે જ ખબર પડી કે તેમાં ન તો પ્રશ્નો છે કે ન તો બહુવિધ વિકલ્પ વિકલ્પો. પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થી વિકાસ કુમાર બૈરવાએ આરોપ લગાવ્યો કે વાંધો ઉઠાવ્યા બાદ પરીક્ષા ખંડમાં હાજર અધિકારીઓએ પ્રશ્નપત્રો તાત્કાલિક પાછા ખેંચી લીધા હતા. તેમણે કહ્યું," પ્રશાસન દ્વારા બધા પ્રશ્નપત્રો પાછા લેવામાં આવ્યા અને વિદ્યાર્થીઓને આ બાબતે બહાર ચર્ચા ન કરવા કહેવામાં આવ્યું. બાદમાં અમને ફક્ત એટલું જ કહેવામાં આવ્યુ કે પરીક્ષા હવે ૨૭ જુને યોજાશે." આ ઘટના બાદ વિદ્યાર્થીઓનું એક જુથ યુનિવર્સિટીના વહીવટી ભવન બહાર એકત્ર થયું અને આ બાબતે સ્પષ્ટતા માંગી. NSUIના પદાધિકારી મનીષ મેઘવંશીએ જણાવ્યું હતું કે, સમાજશાસ્ત્ર વિભાગના બીજા સેમેસ્ટર માટે "ઈન્ડિયન સોસાયટી" પરીક્ષા મંગળવારે શરૂ થાય તે પહેલા વિદ્યાર્થીઓએ આટલી મોટી ગંભીર ભૂલ જોતા પ્રશ્નપત્રો પરત ખેંચી પરીક્ષા મુલત્વી રખાઈ હતી. જે આ વિદ્યાર્થીઓ માટે આઘાતજનક છે. જે કથિત રીતે AI ની મદદથી તૈયાર કરવામાં આવી રહ્યા છે.

# ભેળસેળીયા તત્વો સામે લાલ આંખ કરનાર મંત્રી પ્રફુલ પાનસેરીયાનુ ભ્રષ્ટ અધિકારીઓ સાથે કેમ સમાધાનનુ વલણ ?




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના આરોગ્યમંત્રી બદલીઓના દલાલીકાંડ વિવાદમાં આવ્યા બાદ હવે પ્રજા કહી રહી છે કે ભેળસેળીયા તત્વો સામે લાલ આંખ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની વાતો કરતા આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા આરોગ્ય વિભાગના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ સાથે કેમ સમાધાનનુ વલણ અખત્યાર કરી રહ્યા છે તે એક મોટો સવાલ આમ પ્રજામાં ઉઠી રહ્યો છે. આરોગ્ય કમિશ્નર કચેરીના અધિક નિયામક (જાહેર આરોગ્ય) ની મીલીભગતથી કચેરીના બજેટ-ઓડીટ શાખામાં કામ કરતા અધિકારીઓ અને કર્મચારીઓની બાંયોમેટ્રીક હાજરી તેમજ હાજરી પત્રકમાં વહિવટી અધિકારી દ્વારા ગેરરીતી આચરવામાં આવતી હોવા છતાં મંત્રી પ્રફુલ પાનસેરીયા મુંગે મોઢે સહન કરી રહ્યા છે તેનુ કારણ શું ? જાહેર આરોગ્ય (અધિક નિયામક) ને છાવરવા પાછળનુ કારણ શું ? ગુજરાતમાં ભેળસેળ કરનારા તત્વો સામે લાલ આંખ કરનારા મંત્રીશ્રી આપના તાંબા હેઠળની આરોગ્ય કમિશ્નર કચેરીમાં દવાના બીલોની ટેન્ડરીંગ કહો કે રાજયની સરકારી હોસ્પિટલોમાં બજેટ ફાળવવામાં મોટાપાયે કટકી ઉઘરાવવામાં આવતી હોવાની બુમરોળ ઉઠવા પામી છે. ત્યારે સોશીયલ મીડીયા પર વાહ વાહ લેનાર મંત્રીશ્રી પાનસેરીયા ભ્રષ્ટ અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં કેમ ઉદાસીનતા દાખવી રહ્યા છે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# તારે જયાં જવુ હોય ત્યાં જા : જે ભડાકા કરવા હોય તે કરી લે : કપડવંજ તાલુકા પંચાયત પ્રમુખ આવ્યા વિવાદમાં : કથિત ઓડીયો કિલપ વાયરલ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં લોકપ્રતિનિધિઓ અને જનતા વચ્ચેના સંવાદના વિડીયો કે ઓડીયો અવાર નવાર સોશીયલ મીડીયા પર ચર્ચાનો વિષય બનતા હોય છે. તાજેતરમાં ખેડા જિલ્લામાંથી આવી જ એક ચોંકાવનારી ઘટના બહાર આવી છે,

જયાં કપડવંજ તાલુકા પંચાયતના પ્રમુખ જે કે પરમાર અને એક સ્થાનિક નાગરીક વચ્ચેની વાતચીતની કથિત ઓડીયો કિલપ સોશીયલ મીડીયા પ્લેટફોર્મ્સ પર ભારે વાયરલ થઈ રહી છે. આ ઓડીયો કિલપને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ગરવી ગુજરાત આ કથિત ઓડીયો કિલપની સત્યતા કે પુષ્ટિ કરતુ નથી. મળતી માહિતી મુજબ કપડવંજ તાલુકાના એક જાગૃત નાગરીકે પોતાના વિસ્તારના સરપંચ ફોન ઉપાડતા ન હોવાની ફરીયાદ કરવા માટે તાલુકા પંચાયત પ્રમુખ જે કે પરમારને ફોન કર્યો હતો, નાગરીક આશા રાખતો હતો કે પ્રમુખ આ બાબતે યોગ્ય મધ્યસ્થી કરશે અથવા સરપંચને સુચના આપશે, જો કે વાતચીત દરમિયાન મામલો થાળે પાડવાને બદલે વધારે બગડી ગયો હતો, નાગરીક પોતાની રજુઆત કરી રહ્યો હતો તે દરમિયાન બંને પક્ષે બોલાચાલી ઉગ્ર બની ગઈ હતી, વાયરલ થયેલી કથિત ઓડીયો કિલપમાં તાલુકા પંચાયત પ્રમુખ જે કે પરમારનો પારો સાતમા આસમાને પહોચેલો સંભળાય છે. ગુસ્સામાં આવીને તેમણે નાગરીકને ધમકાવતા અને અહંકારયુકત લહેજામા કહ્યું, હું કઈ પબ્લિકનો ગુલામ નથી, તારે જયાં જવુ હોય ત્યાં જા અને જે ભડાકા કરવા હોય તે કરી લે, એક જવાબદાર હોદા પર બેઠેલા જનપ્રતિનિધિ દ્વારા સામાન્ય જનતા માટે આ પ્રકારની ભાષાનો પ્રયોગ કરવામાં આવતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.